**૫.......... લેખિત પરીક્ષા:-**

**(એ) પોલીસ સબ ઇન્સ્પેકટર બિન હથિયારી કક્ષાની જગ્યા માટે**

**ચાર પ્રશ્નપત્રોની હેતુલક્ષી (ઓબ્જેક્ટિવ) ટાઇપ પરીક્ષા નીચે પ્રમાણે રેહશે.**

| | | |
|---|---|---|
| | પ્રશ્નપત્ર-૧ | ગુજરાતી ભાષા કુલ-૭૫ ગુણ સમય- ૨-કલાક હેતુલક્ષી **(ઓબ્જેક્ટિવ) ટાઇપ** (પ્રશ્નોમાં વ્યાકરણ, મૌખિક ક્ષમતા, રૂઢીપ્રયોગો, શબ્દ કોષ, કોમ્પ્રીહેન્શન વિગેરેનો સમાવેશ થશે.) |
| | પ્રશ્નપત્ર-૨ | અંગ્રેજી ભાષા કુલ- ૭૫ ગુણ સમય- ૨-કલાક **(Questions shall be objective type which will cover Grammar, Verbal aptitude, Vocabulary, Idioms, Comprehension etc,)** |
| | પ્રશ્નપત્ર-૩ | સામાન્ય જ્ઞાન (વર્તમાન પ્રવાહો અને મનોવૈજ્ઞાનિક બાબતો) |
| | | હેતુલક્ષી **(ઓબજેકટીવ) કસોટી** ૧૦૦ ગુણ સમય-૨ કલાક |
| | પ્રશ્નપત્ર-૪ | કાયદાકીય બાબતો હેતુલક્ષી (**ઓબજેકટીવ કસોટી**) ૧૦૦ ગુણ – સમય-૨ કલાક |
| | | આ પ્રશ્નપત્રમાં નીચેના કાયદાને લગતા સામાન્ય જ્ઞાનના પ્રશ્નો પુછવામાં આવશે. |
| | | (૧) ભારતનું બંધારણ (૨) ક્રીમીનલ પ્રોસીજર કોડ- ૧૯૭૩ (૩) ઇન્ડીયન પીનલ કોડ- ૧૮૬૦ (૪) એવીડન્સ એકટ- ૧૮૭૨ (૫) ગુજરાત પોલીસ એકટ-૧૯૫૧ (૬) ગુજરાત |

| | | |
|---|---|---|
| | | પ્રોહીબીશન એક્ટ- ૧૯૪૯ (૭) ભ્રષ્ટાચાર નાબૂદી અધિનિયમ-૧૯૮૮ (૮) અનુજાતિ/અનુ.જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારો-૧૯૮૯ (૯) મોટર વાહન અધિનિયમ-૧૯૮૮. |

નોંધઃ- (i) **તમામ પ્રશ્નપત્રો** હેતુલક્ષી (ઓબજેકટીવ) પ્રકારના રહેશે. દરેક પ્રશ્નના ચાર વિકલ્પમાંથી એક સાચો જવાબ પસંદ કરવાનો રહેશે. ઓ.એમ.આર. શીટથી જવાબો ચકાસવામાં આવશે.

(ii) પ્રશ્નપત્ર-૧ ગુજરાતી અને પ્રશ્નપત્ર-૨ અંગ્રેજીનું ધોરણ ઉચ્ચતર માધ્યમિક શાળા (HSC) લેવલનું રહેશે.

(બી) **મદદનીશ પોલીસ સબ ઇન્સ્પકેરટ બિન હથિયારી** કક્ષાની જગ્યા માટે

**ચાર પ્રશ્નપત્રોની હેતુલક્ષી (ઓબ્જેક્ટિવ) ટાઇપ પરીક્ષા નીચે પ્રમાણે રેહશે.**

| | | |
|---|---|---|
| | પ્રશ્નપત્ર-૧ | ગુજરાતી ભાષા કુલ-૭૫ ગુણ સમય- ૨-કલાક હેતુલક્ષી **(ઓબ્જેક્ટિવ) ટાઇપ** (પ્રશ્નોમાં વ્યાકરણ, મૌખિક ક્ષમતા, રૂઢીપ્રયોગો, શબ્દ કોષ, કોમ્પ્રીહેન્શન વિગેરેનો સમાવેશ થશે.) |
| | પ્રશ્નપત્ર-૨ | અંગેજી ભાષા કુલ- ૭૫ ગુણ સમય- ૨-કલાક **(Questions shall be objective type which will cover Grammar, Verbal aptitude, Vocabulary, Idioms, Comprehension etc,)** |
| | પ્રશ્નપત્ર-૩ | સામાન્ય જ્ઞાન (વર્તમાન પ્રવાહો અને મનોવૈજ્ઞાનિક બાબતો) |
| | | હેતુલક્ષી (ઓબજેકટીવ) કસોટી ૧૦૦ ગુણ સમય-૨ કલાક |
| | પ્રશ્નપત્ર-૪ | કાયદાકીય બાબતો હેતુલક્ષી (**ઓબજેકટીવ કસોટી**) ૧૦૦ ગુણ – સમય-૨ કલાક |
| | | આ પ્રશ્નપત્રમાં નીચેના કાયદાને લગતા સામાન્ય જ્ઞાનના પ્રશ્નો પુછવામાં આવશે. |
| | | (૧) ભારતનું બંધારણ (૨) ક્રીમીનલ પ્રોસીજર કોડ- ૧૯૭૩<br>(૩) ઇન્ડીયન પીનલ કોડ- ૧૮૬૦ (૪) એવીડન્સ એકટ- ૧૮૭૨. |

નોંધઃ- (i) **તમામ પ્રશ્નપત્રો** હેતુલક્ષી (ઓબજેકટીવ) પ્રકારના રહેશે. દરેક પ્રશ્નના ચાર વિકલ્પમાંથી એક સાચો જવાબ પસંદ કરવાનો રહેશે. ઓ.એમ.આર. શીટથી જવાબો ચકાસવામાં આવશે.

(ii) પ્રશ્નપત્ર-૧ ગુજરાતી અને પ્રશ્નપત્ર-૨ અંગ્રેજીનું ધોરણ ઉચ્ચતર માધ્યમિક શાળા (HSC) લેવલનું રહેશે.

વિશેષ નોંધઃ

**પોલીસ સબ ઇન્સપેકટર, બિન હથિયારી અને મદદનીશ પોલીસ સબ ઇન્સપેકટર, બિન હથિયારીની લેખિત પરીક્ષામાં પ્રશ્નપત્ર-૧, પ્રશ્નપત્ર-૨ અને પ્રશ્નપત્ર-૩ એક સરખા, સમય પણ સરખો અને ગુણભાર પણ સરખો જ હોવાથી એક જ લેખિત પરીક્ષા લેવામાં આવશે. જયારે પ્રશ્નપત્ર-૪ જુદા હોવાથી પ્રશ્નપત્ર-૪ ની અલગ-અલગ લેખિત પરીક્ષા લેવામાં આવશે.**

બિન હથિયારી પો.સ.ઇ. અને બિન હથિયારી એ.એસ.આઇ.ના કિસ્સામાં લેખિત પરીક્ષા થયા બાદ રમતવીરોને (સરકારશ્રી સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૧/૦૨/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૨૦૧૩/૨૪૨૭૯૨/ગ-૨માં કરેલ જોગવાઇ મુજબ) તથા વિધવાને (સરકારશ્રી સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા. ૩૧/૦૮/૨૦૦૪ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/ ૨૨૧૩/ગ-૨માં કરેલ જોગવાઇ મુજબ) મળવાપાત્ર ગુણ ઉમેરો કરી ખાલી જગ્યાઓના ત્રણ ગણા જેટલા ઉમેદવારો મૌખિક ઇન્ટરવ્યુ માટે બોલાવવામાં આવશે.

(સી)　**<u>કોન્સ્ટેબલ (લોકરક્ષક) બિન હથિયારી / હથિયારી કક્ષાની જગ્યાઓ માટેની લેખિત પરીક્ષાઃ</u>**

આ લેખિત પરીક્ષા **૧૦૦** માર્ક્સ ના એક હેતુલક્ષી (**<u>ઓબજેકટીવ</u>**) પ્રશ્નપત્ર મા લેવાશે. સમય એક કલાક નો રહેશે.સામાન્ય જ્ઞાન ને લગતા આ પ્રશ્ન પત્રમાં સામાન્ય જ્ઞાન, વર્તમાન પ્રવાહો, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ભૂગોળ, સમાજ શાસ્ત્ર, વિજ્ઞાન તેમજ ભારતનું બંધારણ, ક્રીમીનલ પ્રોસીજર કોડ- ૧૯૭૩, ઇન્ડીયન પીનલ કોડ- ૧૮૬૦ અને એવીડન્સ એકટ- ૧૮૭૨ ને લગતા પ્રાથમિક પ્રકારના પ્રશ્નો આવરી લેવાશે.

(i)　એન.સી.સી. નું સી સર્ટીફિકેટ ધરાવનાર ઉમેદવારોને વધારાના બે ગુણ આપવામાં આવશે.

(ii)　સરકારશ્રી ગૃહવિભાગના તા.૦૭/૦૭/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંકઃ જીજી/જીયુજે/૩૪/એમએચકે/૧૦૧૦/ ૧૩૯૩/સી માં કરેલ જોગવાઇ મુજબ રક્ષા શકિત યુનિર્વસિટી ધ્વારા અપાતા પ્રમાણપત્ર મેળવેલ હશે તેમને લોકરક્ષક કેડરમાં નિયમોનુસાર વધુ ગુણ આપવામાં આવશે.

(iii)　લેખિત પરીક્ષા, NCC "C" સર્ટી., રક્ષા શિકત યુનિર્વસીટીના પ્રમાણપત્ર અને રમત- ગમતના (સરકારશ્રી સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૧/૦૨/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૨૦૧૩/ ૨૪૨૭૯૨/ગ-રમાં કરેલ જોગવાઇ મુજબ) તથા વિધવાને (સરકારશ્રી સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા. ૩૧/૦૮/૨૦૦૪ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ-રમાં કરેલ જોગવાઇ મુજબ) મળવાપાત્ર વધારાના ગુણોને ધ્યાનમાં લઇ લોકરક્ષકની આખરી પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

**કોન્સ્ટેબલ ની જગ્યાઓ માટે મૌખિક ઇન્ટરવ્યુ રહેશે નહી. પરંતુ દરસ્તાવેજોની ચકાસણી માટે બોલાવવામાં આવશે.**

<u>૬. ઇન્ટરવ્યુ</u>

**પોલીસ સબ ઇન્સ્પેકટર બિન હથિયારી માટે ૫૦ ગુણનું અને મદદનીશ સબ ઇન્સ્પકેટર બિન હથિયારી માટે ૧૫ ગુણનું ઇન્ટરવ્યુ રહેશે.. (જે બંન્ને મૌખિક ઇન્ટરવ્યુ અલગ-અલગ લેવામાં આવશે)**

(અ)　ઇન્ટરવ્યુમાં ઉમેદવારની એકંદરે ક્ષમતા ચકાસવામાં આવશે જેમાં સામાન્ય જ્ઞાન / વર્તમાન પ્રવાહો/ બુધ્ધિક્ષમતા / મનોવૈજ્ઞાનિક વિશ્લેક્ષણ ક્ષમતા અને પ્રશ્નપત્ર-૪ માં દર્શાવેલ કાયદાઓ બાબતના પ્રાથમિક જ્ઞાનને લગતા વિષયો લક્ષમાં લેવાશે.

(બ)　**વિશેષ ગુણ ભારાંકઃ-**

દરેક ઉમેદવારને પોલીસ સબ ઇન્સ્પેકરટ બિન હથિયારીના ઇન્ટરવ્યુના ૫૦ ગુણમાંથી અને મદદનીશ પોલીસ સબ ઇન્સ્પેકટર બિન હથિયારીના ઇન્ટરવ્યુના ૧૫ ગુણમાંથી ઇન્ટરવ્યુ કમિટિને યોગ્ય લાગે તેટલા ગુણ આપવામાં આવશે ત્યાર બાદ વધારામાં નીચે મુજબના વિશેષ ગુણ મળવાપત્ર થશે.

(i)　એન.સી.સી. નું સી સર્ટીફીકેટ ધરાવનાર ઉમેદવારોને વધારાના **બે** ગુણ આપવામાં આવશે.

(ii)　સરકારશ્રી ગૃહવિભાગના તા.૦૭/૦૭/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંકઃ જીજી/જીયુજે/૩૫/એમએચકે/ ૧૦૨૦૧૦/૩૩૫/સી માં કરેલ જોગવાઇ મુજબ રક્ષા શકિત યુનિર્વસિટી ધ્વારા અપાતા પ્રમાણપત્ર મેળવેલ હશે તેમને પોલીસ સબ ઇન્સ્પેકટર બિન હથિયારીમાં નિયમોનુસાર વધુ ગુણ આપવામાં આવશે.